અપીલ અરજી નં.૧૪૭/ ૦૮–૦૯ તા.૧–૯–૦૮

અરજદારઃ શ્રી ભોલા પ્રસાદ પાંડે
સામાવાળા:(૧) ડે.કમિશ્નર(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન
(૨)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઇ એકટ હેઠળ શ્રી ભોલા પ્રસાદ પાંડે ની તા.૬–૮–૦૮ ની અરજીથી ડીંડોલી,ચેતન નગર,ઠાકુર નગર,મણિનગર તથા ગણેશનગરની ખાડી,ગટર,પાણી, મફત જાજરૂ, સ્ટ્રીટલાઈટ તથા હાઈટેન્શન લાઈન વિગેરેની માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૭/૨૦૦૮–૦૯

શ્રી ભોલાપ્રસાદ પાંડે ની તા.૬–૮–૦૮ ની અરજીથી ડીંડોલી, ચેતન નગર,ઠાકુર નગર,મણિનગર તથા ગણેશનગરની ખાડી,ગટર,પાણી, મફત જાજરૂ,સ્ટ્રીટલાઈટ તથા હાઈટેન્શન લાઈન વિગેરેની માહિતી બાબતે ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.૨૦૪૨ તા.૨૦–૮–૦૮ થી મુદ્દા નં.૧,૩,૪,૫,૬ માં આપેલ જવાબ ગેરમાર્ગે દોરનારો તેમજ ખોટી માહિતી પુરી પાડેલ છે. તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગના પત્ર નં.ડીએનજી/આ.૧૮૪૭ તા.૨૭–૮–૦૮ થી મુદ્દા નં.૨ માં આપેલ માહિતીં ખોટી આપેલ છે. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૫ તા.૬–૯–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન અને એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીકને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અનુક્રમે આરટીઆઈ/સા.ઈ.ઝોન/લીંબાયત/૨૪૦૭ તા.૧૭–૯–૦૮ થી અને નં.એચઈડી/આ.નં.૧૯૪૭ તા.૧૮–૯–૦૮ થી પૂરક માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની ડીંડોલી ચેતનનગર,ઠાકોરનગર,મણીનગર તથા ગણેશનગરની સુવિધા અંગેની માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન કક્ષાએથી કાર્યપાલક ઈજનેર (દ.ગુ.વીજ કુ.લી. અર્બન ડીવીજન બાટલીબોય સામે), હાઈડ્રોલીક ઈજનેર ( શહેરી પાણી ખાતુ) અને કાર્યપાલક ઈજનેર (ડ્રેનજ વિભાગ) પ્રતિ સ્પર્શતા મુદ્દાઓ અંગે અરજી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારને ડે.કમિશ્નર( હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૪૨ તા.૨૦–૮–૦૮ થી તથા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૧૨ તા.૧૭–૯–૦૮ થી અરજદારને વિગતવાર માહિતી પૂરક પત્રથી પૂરી પાડી અત્રે નકલ મોકલેલ છે. જે અનુસાર મુદ્દા નં.૨ની અરજી સમય મર્યાદામાં તથા નં.૩ અને ૬ સમય મર્યાદા બાદ તબદીલ થયેલ છે. જયારે મુદ્દા નં.૧,૪ અને ૫ અંગે દફતરી માહિતી પૂરી પાડયાનું જણાય છે. તેમજ મુદ્દા નં.૨ અંગે તબદીલ કરેલ ડ્રેનેજ સુવિધા અંગે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ડીએનજી/આ.નં.૧૮૪૭ તા.૨૭–૮–૦૮ થી અને મુદ્દા નં.૩ પાણીની સુવિધા અંગે નં.એચઈડી/આ.નં.૨૦૩૫ તા.૨૯–૯–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારનીતા.૬–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી સંદર્ભે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસારની કાર્યવાહી અનુસરી સબંધિત ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર તરફથી તેની માંગણી થયે નિયમ અને જોગવાઈ અનુસાર જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશનની સુવિધા પૂરી પાડવા તમામ જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે. અરજદાર અપીલ અરજીમાં જણાવેલા કામગીરી નિકાલને લગતાં પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦–૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (હેઅનેહો)અને જાહેર માહિતી અધિકારી,લીંબાયત ઝોન તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ..... જાણ તથા અમલ માટે

(૨)શ્રી ભોલા પ્રસાદ પાંડે